BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સ્થાપિત )

**પરીપત્ર:**

**વિષય : પરીક્ષા દરમિયાન પ્રશ્નપત્રોનું કવર ખોલતા સમયે રાખવાની થતી તકેદારી તેમજ વિદ્યાર્થીઓના I-Card બાબત.**

**સંદર્ભ** : ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૩૮૯/૨૦૨૩ તા. ૧૩/૦૪/૨૦૨૩

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે સંબંધીત કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાઓ તથા પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે અત્રેની યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી તમામ થીયરી પરીક્ષાઓની લખાયેલ ઉત્તરવહીઓ સંબંધિત પરીક્ષા કેન્દ્રોમાંથી કવરમાં સીલબંધ કરી યુનિવર્સિટીના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રમાં દરરોજ જમા કરાવવામાં આવે છે, તે સીલબંધ કવરોમાં લખાયેલ દરેક વિષયની પરીક્ષાના બચત રહેલ પ્રશ્નપત્ર માંથી ઓછામાં ઓછી એક નકલ અચૂકપણે દરેક કવરોમાં ફરજીયાત મુકવાની રહેશે. તેમજ યુનિવર્સિટી દ્વારા સમયાંતરે લેવામાં આવતી જુદી-જુદી વિદ્યાશાખાની પરીક્ષાઓમાં પ્રશ્નપત્રના સીલબંધ પેકેટ નિયત સમય મર્યાદામાં એટલે કે પરીક્ષા શરૂ થતા પહેલા વિદ્યાર્થીઓની હાજરીમાં પરીક્ષા ખંડમાં પરીક્ષાના નિયત સમયના ૧૦ મિનીટ અગાઉ પ્રશ્નપત્રનું સીલબંધ પેકેટ ખોલવાનું રહેશે. તેમજ સમગ્ર પ્રક્રીયા C.C.T.V. કેમેરા સમક્ષ કરવાની રહેશે. આ સાથે સામેલ બીડાણ મુજબનું "પ્રશ્નપત્રો સીલબંધ કવર ખોલવા અંગેનું પ્રમાણ પત્ર" અવશ્ય ભરવાનું રહેશે, તેમજ તેની અલગથી ફાઈલ બનાવી અને રીસીવીંગ સેન્ટર પર અવશ્ય જમા કરવાનું રહેશે જેની સર્વ સીનીયર સુપરવાઈઝરશ્રીઓ તેમજ બ્લોક સુપરવાઈઝરશ્રીઓએ અવશ્ય નોંધ લેવાની રહેશે. તેમજ UG/PG નાં દરેક વિદ્યાર્થીઓને કોલેજનું I-Card અથવા સરકારશ્રી દ્વારા જાહેર કરેલ ફોટા વાળો આધાર પુરાવો સાથે હશે તેવા જ વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર માં પરીક્ષા સંચાલક દ્વારા I-Card ની તપાસ કરી પ્રવેશ આપવાનો રહેશે.

ખાસ નોંધ: ઉપરોક્ત બાબત આપની કોલેજ/અનુસ્નાતક ભવન/અનુસ્નાતક સંસ્થાના ચીફ સીનીયર સુપરવાઈઝરશ્રીઓના ધ્યાન પર મુકવા વિનંતી તેમજ પરીક્ષા દરમિયાન જુનીયર સુપરવાઈઝર બ્લોકમાં મોબાઈલ નો ઉપયોગ કરી શકશે નહી જો મોબાઈલ નો ઉપયોગ કરતા જણાશે તો યુનિવર્સિટી દ્વારા દંડાત્મક પગલા લેવામાં આવશે તેમજ દરેક વિદ્યાર્થીઓ ને કોલેજ દ્વારા ફરજીયાત I-Card આપવાનું રહેશે.જેની ગંભીરતાથી નોંધ લેવી.અન્ય પરિપત્ર ન થાય ત્યાં સુધી આ પરિપત્રનું અમલીકરણ કરવાનું રહેશે.

**બીડાણ : પ્રમાણપત્ર નો નમુનો.**

ડી.ડી.એમ. કુગડીયા
**પરીક્ષા નિયામક**

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/ ૪૦૫/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા. ૨૧/૦૪/૨૦૨૩

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ...

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

(૧) આઈ.ટી. સેલ જરૂરી કાર્યવાહી અર્થે અને વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે
(૨) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

સરકારી પોલિટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત). ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road Khadiya, Junagadh - 362263 ( Gujarat ) Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503
www.bknmu.edu.in | info@bknmu.edu.in | Bhakta Kavi Narsinh Mehta University Junagadh

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ

કોલેજ/ભવન/સંસ્થાનું નામ:-..........................................................................................................

કોલેજ/ભવન/સંસ્થાનો કોડ:-..........................................................................................................

------------------------------------------------------------------------------------------------

## પ્રશ્નપત્ર સીલબંધ કવરમાં ખોલવા અંગેનું પ્રમાણપત્ર

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આજ રોજ તા.   /   /૨૦    ના રોજ નીચે દર્શાવેલ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| પરીક્ષાનું નામ: | | સેમેસ્ટર:- | |
| મહિનો:- | | વર્ષ:- | |

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા લેવાનાર ઉપરોક્ત પરીક્ષા માટે આ કેન્દ્રના વિધાર્થીઓના પ્રશ્નપત્રોનું સીલબંધ બોક્ષ સીલબંધ રીતે મળેલ છે. પરીક્ષા માટે બ્લોક નંબર...............ના પરીક્ષાર્થીઓના પ્રશ્નપત્રોનું સીલબંધ કવર નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્ર સંચાલકની હાજરીમાં........................કલાકે ખોલવામાં આવે છે. જે આથી પ્રમાણીત કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| સીનીયર સુપરવાઈઝરનું નામ:- | | હોદ્દો:- | |
| મોબાઇલ નંબર:- | | સહી:- | |

| | | | |
|---|---|---|---|
| બ્લોક સુપરવાઈઝરનું નામ:- | | હોદ્દો:- | |
| મોબાઇલ નંબર:- | | સહી:- | |

કેન્દ્ર સંચાલક/આચાર્યશ્રી ની સહી અને સ્ટેમ્પ